# સે. ૨૩ લગ્નવાડી વિસ્તાર સૂર્યાસ્ત બાદ અંધકારની કાલીમાંમાં ફેરવાઈ જાય છે

## નાગરિકોએ બે મહિના પૂર્વે કરેલી ફરિયાદોનું નિરાકરણ લાવવામાં તંત્રને થાક લાગે છે

ગાંધીનગર, તા. ૧૦

પાટનગર સ્ટ્રીટ લાઈટો થકી ઝળહળી રહ્યું છે. અવનવી સ્ટ્રીટલાઈટોથી નગરની સુંદરતામાં ચાર ચાંદ લાગી રહ્યા છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી સમગ્ર નગરમાં સ્ટ્રીટલાઈટોના ધાંધિયા વધી જવા પામ્યા છે. સ્ટ્રીટલાઈટોની કામગીરી સંભાળતી કંપની ફરિયાદો પ્રત્યે લાપરવાહી રાખી રહી છે. સેક્ટર-૨૩ માં આવેલ લગ્નવાડી વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના અભાવે ઘોર અંધકાર થઈ જવા પામ્યો છે. અંધકારને પગલે બે માસ પૂર્વે ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી નિરાકરણ આવ્યું નથી. જેથી સ્ટ્રીટલાઈટનું કામ સંભાળતી કંપની સામે ભારોભાર આક્રોશ ફાટી નિકળ્યો છે.



ગાંધીનગર શહેરની આગવી ખુબી રહી છે. રાત્રી પડતા જ શહેરનો રોશનીથી દુલ્હનની જેમ સજાવવામાં આવે છે. શહેરના ઘ-૪ વિસ્તારમાં રાત્રી દરમિયાન ક્યારેય પણ અંધકાર જોવા મળતો નથી. જ-રોડ, ચ-રોડ પણ લાઈટોના પ્રકાશથી ઝળહળી ઉઠે છે. પરંતુ જે સિક્કાની બે બાજુ હોય છે તેમ નગરમાં પણ આવી જ પરિસ્થિતિ છે. શહેરના સેક્ટર-૨૩ ના આંતરિક રોડ પર સ્ટ્રીટલાઈટોના થાંભલા શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે. સેક્ટર-૨૩ સૂર્યાસ્ત બાદ અંધકારની કાલીમામાં ફેરવાઈ જાય છે.

પ્રકાશના અભાવે વિવિધ સેકટરોમાં અસામાજીક પ્રવૃત્તિઓ અને અસામાજીક તત્વોનો રાફડો ફાટી નિકળે છે. રાત્રિ દરમિયાન એકલી બાઈ માણસને નિકળવુ પણ મુશ્કેલ સાબિત થાય છે. નગરમાં પ્રકાશ પાથરવાનું કામ કરતી કંપનીને અવારનવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. અધિકારીઓ કેમ આ સેક્ટર પ્રત્યે ઓરમાયુ વર્તન રાખે છે. તેનું સચોટ કારણ પણ જાણવા મળતુ નથી.

હાલમાં લગ્ન માટેના મુહૂર્તો નિકળતા સેક્ટર-૨૩માં આવેલ લગ્નવાડીમાં લગ્નો મોટા પ્રમાણમાં થાય છે. તેમજ લગ્નવાડીની સામે પણ જંગલ વિસ્તાર જેવું છે. મોટા પ્રમાણમાં અહિંયા વૃક્ષો હોવાથી ભય જેવું પણ લાગે છે. લગ્નોમાં પોતાના સ્વજનો સાથે બાળકો પણ અવસરને માણવા આવતા હોય છે. ત્યારે અંધકારના કારણે કોઈ અનિચ્છનીય પણ બની શકવાની સંભાવના રહેલી છે. આ વિસ્તારમાં થાંભલા નંબર જી-૬૨૩૭૯ અંગે ગત ૨૫-૯-૧૪ના રોજ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. પરંતુ આજ સુધી આ ફરિયાદ ફરિયાદ પેટીમાં જ પુરાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે.

નગરમાં સ્ટ્રીટલાઈટોનું કામ સંભાળતી કંપની દ્વારા ઓરમાયુ વર્તન દાખવવામાં આવી રહ્યું હોય તેવું નાગરિકો જણાવી રહ્યા છે. કેટલાક લોકો ચર્ચા કરતા હોય છએ કે જો મંત્રી નિવાસ વિસ્તારમાં એક ૧૦૦ વોલ્ટનો બલ્બ ઉડી ગયો હોય તો પણ થોડીક મિનિટોમાં બદલાઈ જાય છે પરંતુ સામાન્ય નાગરિકો થોકંધ ફરિયાદ કરે તો પણ તેમના પેટનું પાણી હાલતુ નથી.

# ખોરજ પાસેની શાંતિગ્રામ સાઈટમાં મજૂરની કરપીણ હત્યા

## મજૂર કોલોની પાસે ૩૮ વર્ષીય મજૂરની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હત્યારાઓ ફરાર : અડાલજ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીકના ખોરજ બ્રિજ પાસે અદાણીની શાંતિગ્રામ સાઈટ કાર્યરત છે. જ્યાં થોડા દૂરના અંતરે આજે ઝાડી-જાંખરામાં અંદાજે ૩૮ વર્ષીય મજૂરનો માથા અને પીઠના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે ઘવાયેલ મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસે ઘટનાસ્થળે આવી ગુનો નોંધી હત્યારાઓની સઘન શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર સરખેજ હાઈવે પર ખોરજ બ્રિજ નજીક ખોડીયાર ગામની સીમમાં અદાણી ગૃપની વિશાળ શાંતિગ્રામ સાઈટ કાર્યરત છે. જ્યાં મોટી સંખ્યામાં પર પ્રાંતીય મજૂરો મજૂરીએ આવે છે. અને મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તમામ મજૂરો માટે સાઈટની પાસે મજૂર કોલોની પણ બનાવવામાં આવી છે.

જ્યાં મજૂરો રહે છે. મજૂર કોલોનીથી થોડે દૂર ઝાડી જાખરામાં કોઈ મજૂરનો તીક્ષ્ણ હથિયાર વડે ઘવાયેલો મૃતદેહ અન્ય મજૂરોને નજરે પડતા તુરંત અડાલજ પોલીસને જાણ કરતા પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. મૃતદેહની તપાસ કરતા મૃતકના માથાના ભાગે તેમજ પીઠના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે ઉપરાછાપરી અસંખ્ય ઘા ઝીકી મૂળ ઓરિસ્સાના ૩૮ વર્ષીય કલ્યાણ સીમંત ગૌરને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું હતું. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. અડાલજ પોલીસ હત્યાનો ગુનો નોંધી હત્યારાઓની શોધખોળ હાથ ધરી છે.



સરકારી તંત્ર દ્વારા બાંધવામાં આવતા બાંધકામ વિશે ઘણી વખત પ્રશ્નાર્થ થાય છે. સેક્ટર-૭માં માઈક્રોશોપીંગ ઘણા સમયથી અર્ધા નિર્માણ હાલતમાં છે. ખર્ચો કર્યો પણ લેખે લાગ્યો નથી. કયા કારણોસર કામ અટક્યુ છે અને ક્યારે શરૂ કરાશે, ક્યારે પુરૂ થશે તે વિશે કાગળો પર જ કાર્યવાહી થશે..? (તસવીર : કશ્યપ નીમાવત)



ઘ-૫ સર્કલ પાસે એક સ્વીફ ગાડી અચાનક ધ્યાનચૂકને કારણે ડીવાઈડરને ધડાકાભેર ટકરાઈ જેને કારણે કારને નુકશાન થયું હતું. સદનસીબે કોઈને ઈજા થઈ નહોતી. (તસવીર : કશ્યપ નીમાવત)

# સ્ટેનોગ્રાફરની જગ્યા માટે ઉપલી વય મર્યાદા ૪૦ વર્ષની કરવા માંગ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત જાહેર સેવા આયોગ અને ગૌણ સેવા પસંદગી મડંળ દ્વારા રાજ્ય સરકારમાં સ્ટેનોગ્રાફરની અછત હોવા છતાં ઉપલી વય મર્યાદા માત્ર ૩૦ વર્ષની હોવાને કારણે નિમણુંકો કરાતી નથી. જો આ વય મર્યાદા વધારીને ૪૦ વર્ષ કરવામાં આવે તો સરકારની સ્ટેનોગ્રાફર માટેની જગ્યાઓ ભરાય અને અનેક બેરોજગાર યુવાનોને રોજગારી મળી શકે તેમ છે.

ગૌણ સેવા પસંદગી મંડળ અને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્ટેનોગ્રાફરની જગ્યા માટે પરીક્ષા લેવાયા બાદ પણ માત્ર એક-બે ઉમેદવારોની ભલામણ કરવામાં આવી હતી. આ માટે લાયક ઉમેદવારોની કમી હોવાનું કારણ દર્શાવવામાં આવી રહ્યું છે. જો કે આ લાયકાતમાં મુખ્ય પ્રશ્ન વયમર્યાદાનો જ છે જે મુજબ ઉપલી વય મર્યાદા ૩૦ વર્ષ સુધીની છે. બીજી તરફ ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેનોગ્રાફરની ઉપલી વય મર્યાદા ૪૦ વર્ષની રાખવામાં આવી છે. આમ એક સરકારમાં વય મર્યાદા બાબતે જુદા જુદા ધોરણોથી વિસંગતતા સર્જાવા પામી છે.

એક તરફ સરકારને સ્ટેનોગ્રાફર મળતા નથી જ્યારે બીજી તરફ અનેક યુવાનો વયમર્યાદાને કારણે નોકરીથી વંચિત રહી જવા પામી રહ્યા છે. જો રાજ્ય સરકારમાં પણ સ્ટેનોગ્રાફર માટેની ઉપલી વય મર્યાદા ૪૦ વર્ષની કરવામાં આવે તો આ યુવાનોને રોજગારી મળે અને સરકારને પણ સ્ટેનોગ્રાફરની અછતની સમસ્યામાંથી છુટકારો મળે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

# લુણાવાડા રન ફોર યુનિટીમાં દોડવીરોને ઝવેરભાઈ ચાવડાએ લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના પનોતા પુત્ર સરદાર પટેલની જન્મ જયંતિ લુણાવાડા ખાતે ધામધૂમ પૂર્વક મનાવવામાં આવી હતી. આ દિવસે સમગ્ર દેશમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. દોડમાં વિવિધ ક્ષેત્રના પદાધિકારીઓ-નાગરિકો જોડાયા હતાં.

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં સરદાર પટેલની જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દોડ યોજાઈ હતી. ગત ૩૧ ઓકટોબરના રોજ લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતેથી દોડવીરોને મુખ્ય મહેમાન અને રાજયના અનુસૂચિત જાતિ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ લીલી ઝંડી બતાવી દોડનું પ્રસ્થાન કરાવ્યું હતું.

રન ફોર યુનિટી દોડમાં લુણાવાડા અને આજુબાજુ વિસ્તારના દોડવીરો જોડાયા હતા. સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, હોમગાર્ડ જવાનો સહિત ૫૬૭૨ જેટલા દોડવીરો જોડાયા હતા. દોડ ઈન્દિરા મેદાનથી વડદરી ટેલિફોન એકસચેન્જ કચેરીએ પૂર્ણ થઈ હતી. દોડના રૂટ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સમગ્ર રૂટ પર ટ્રાફિક પોલીસ તૈનાત કરવામાં આવી હતી.

દોડ બાદ મુખ્ય મહેમાન અને અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ પ્રસંગોચીત ઉદબોધન કર્યું હતું તેમજ સર્વેને રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવડાવ્યા હતા. વધુમાં જણાવ્યું હતું કે ભારતની એકતાના જયોતિર્ધર રાષ્ટ્રનાયક લોખંડી પુરુષ અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર સાહેબને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો અવસર મુખ્યમંત્રી આનંદીબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અરોરાજી, પૂર્વ સાંસદ ભૂપેન્દ્રસિંહ, સ્થાનિક ધારાસભ્ય, જિલ્લા પોલિસ વડા, પ્રાંત અધિકારી, મામલતદાર, જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ, ભાજપ સંગઠન મોરચાના આગેવાનો શહેરના પ્રબુધ્ધ નાગરિકો દોડવીરો માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર સાહિત્ય સભાની રવિવારીય બેઠકમાં જાણીતા સર્જક શ્રી દલપતભાઈ પઢિયાર અને માહિતી વિભાગના સંયુક્ત નિયામક પુલકભાઈ ત્રિવેદીએ રસપ્રદ વાર્તાલાપ આપ્યો હતો. સાહિત્યના સ્વરૂપો અને અભિવ્યક્તિના સંદર્ભે માહિતીસભર વાર્તાલાપથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા.

# ૫૦ ટકા મહિલા અનામતને આવકારતા હીનાબેન પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામતની જોગવાઈ કરતા વિધેયકને મંજુરી મળતાં હવે સમાજોત્થાનમાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધુ મજબુત બનશે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલે જણાવ્યું છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો આ અંગે વિશેષ અભિનંદન આપતાં તેમણે જણાવ્યું કે, મહિલાઓના વિકાસ માટે સદાય તત્પર અને રાષ્ટ્રને નવો રાહ ચીંધનાર આનંદીબેનના નેતૃત્વમાં પહેલીવાર મહિલા વિકાસ વિભાગનો જન્મ થયો. આ બાદ તેમણે ૫૦ ટકા મહિલા અનામતની જોગવાઈ માટેનું વિધેયક પણ પસાર કરાવવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. હવે તેઓ મુખ્યમંત્રી બન્યા છે અને રાજ્યપાલે આ બીલને મંજુરી આપી છે. આ વિધેયક પંચાયતી રાજમાં એક નવી ક્રાંતિ લાવશે.

મહિલા સશક્તિકરણની દિશામાં આ મહત્વનું કદમ છે, તેમ જણાવતાં શ્રીમતી હીનાબેન પટેલે જણાવ્યું હતું કે, સમાજના ઉત્થાનમાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધશે. મહિલાઓ હવે સમાજમાં રચનાત્મક અને સામાજિક ક્ષેત્રમાં પણ વધુ સક્રિય બનશે. આ નિર્ણયને ગાંધીનગર જિલ્લાની તમામ મહિલાઓએ વધાવી લઈને મુખ્યમંત્રીશ્રીને હાર્દિક અભિનંદન પાઠવેલ છે.

પંચાયતી રાજ વ્યવસ્થામાં ૫૦ ટકા મહિલા અનામત અને ફરજીયાત મતદાનનું આ વિધેયક રાજકીય ક્રાંતિ સર્જશે. ભાજપ વાતોમાં નહિ પણ સમયની જરૂરીયાત અનુસાર યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ અને સર્વ સમાવેશક વિકાસ માટે કટિબદ્ધ છે તેનો આ પુરાવો છે.

તેમણે જણાવ્યું છે કે મહિલાઓને સાચા અર્થમાં વિકાસમાં ભાગીદાર બનાવવાનો શ્રેય આનંદીબેન પટેલને જાય છે. અને તેમના કુશળ, નીડર નેતૃત્વને તે આભારી છે. આ નિર્ણયથી મહિલાઓમાં સ્વાવલંબી અને સ્વાભિમાનની એક નવી જ્યોત જન્મી છે. એમ પણ તેમણે જણાવ્યું છે.

# આજે મુખ્યમંત્રીના હસ્તે સરકારમાં પસંદ થયેલા ઉમેદવારોને નિમણુકપત્રો અપાશે

ગાંધીનગર, તા.૧૦

રાજય સરકાર દ્વારા સરકારી કચેરીઓમાં ખાલી પડેલી જગ્યાઓ માટે વિવિધ પરીક્ષાઓ લેવામાં આવી છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોનો નિમણુંક પત્ર વિતરણ સમારોહ યોજવામાં આવશે.

ગુજરાત સરકારની સેવામાં પસંદ થયેલા ઉમેદવારોને આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે નિમણુંક પત્રો આપવામાં આવશે. આજે મંગળવારે બપોરે ૩.૩૦ વાગે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે નિમણુંકપત્ર વિતરણ સમારોહ યોજાશે. સમારોહમાં નીતિનભાઈ પટેલ મંત્રી આરોગ્ય વિભાગ, જયંતીભાઈ કવાડિયા રાજયકક્ષાના મંત્રી ઉપસ્થિત રહેશે. સમારોહની શરૂઆતમાં ગતિશીલ ગુજરાતના ૧૦૦ દિવસના કાર્યની રૂપરેખા અને સ્વચ્છ ભારત અભિયાન હેઠળ કરવામાં આવેલ સફાઈને સીડી દ્વારા બતાવવામાં આવશે. નિમણુંક પત્રોની સાથે સાથે મુખ્યમંત્રીના હસ્તે આંગણવાડી કાર્યકરોને કૃષિ પેદાશોનું વિતરણ કરવામાં આવશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૨
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**

હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**: સ્ક્રીન-૨ :**

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦

**: સ્ક્રીન-૩ :**

ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦

**: સ્ક્રીન-૪ :**

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હેદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦

**: સ્ક્રીન-૫ :**

સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

**: સ્ક્રીન-૬ :**

હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હેદર : ૪.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**

ધ શૌકિન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

રંગરસીયા : ૧૦.૧૫, ૧.૧૪, ૪.૧૫. ૭.૧૫, ૧૦.૧૫
રોર : ૧.૩૦, ૭.૩૦

**સ્ક્રીન-૩ :**

હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

**વૃષભ** : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્દઢ નિશ્ચયથી જટુલ કાર્યનો ઉકેલ આવી શકે.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે.

**કન્યા** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે.

**વૃશ્ચિક** : સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**ધન** : આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છએ. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થામાં વધારો થશે.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્મી થઈ શકે છે. જમીન, મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ.

## ચિરવિદાય

- સ્વ. વાળંદ સુરેશકુમાર પુરૂષોત્તમદાસ (ઉ.વ.૫૫) પ્લોટ નં. ૬૧૯/૨, સેક્ટર-૭એ, ગાંધીનગર
- સ્વ. અમૃતલાલ પ્રહલાદજી યાજ્ઞિક (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૨૩૨/૧, સેક્ટર-૩એ (ન્યુ), ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ મણીબેન અંલાલાલ (ઉ.વ.૯૦) મુ. લીંબોદરા, તા. માણસા, જી. ગાંધીનગર